- નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો.

**1. શું તમે તમારી શાળામાં કેટલાક પરિવર્તન માટેનાં સૂચનો સૂચવી શકો છો કે જેથી તે (શાળા) પર્યાવરણીય અનુકૂલિત બની શકે ?**

➠ (i) આપણી સ્કૂલને પર્યાવરણમિત્ર બનાવવા સ્કૂલના પ્રાંગણમાં વિવિધ પ્રકારનાં વૃક્ષો જેવાં કે છાંયો આપતાં વૃક્ષો તેમજ ફળના ઝાડ વાવવાં જોઈએ તેમજ વિવિધ ફૂલછોડ ઉગાડવા જોઈએ.

(ii) ઉપયોગમાં લીધેલ કાગળો, વરખ, ખીલા, ખોખાં વગેરે કચરાપેટીમાં નાખવા જોઈએ.

**2. આ પ્રકરણમાં આપણે જોયું કે જ્યારે જંગલ તેમજ વન્ય પ્રાણીઓની વાત કરીએ છીએ ત્યારે ચાર મુખ્ય ભાગીદારો સામે આવે છે. તેમાંથી કોને જંગલના ઉત્પાદનનું વ્યવસ્થાપન માટે નિર્ણય લેવાનો અધિકાર આપી શકાય ? તમે એવું કેમ વિચારો છો ?**

➠ ભાગીદારોની ચાર શ્રેણી પૈકી, જંગલની આસપાસ રહેતાં લોકોને જંગલના ઉત્પાદનના વ્યવસ્થાપન માટે નિર્ણય લેવાનો અધિકાર આપવો જોઈએ કારણ કે સ્થાનિક લોકો દ્વારા અપનાવાતી કુદરતી સંસાધનોના ઉપયોગની પરંપરાગત પદ્ધતિને કારણે સંસાધનો લાંબા સમય સુધી જળવાઈ રહે છે અને પૂરતા જથ્થામાં આવનાર પેઢીઓ માટે ઉપલબ્ધ બને છે.

**3. આ પ્રકરણમાં ચર્ચવામાં આવેલી સમસ્યાને આધારે તમે તમારી જીવનશૈલીમાં શું પરિવર્તન લાવશો ? જેથી આપણા સ્રોતોના સંપોષણ (જરૂરિયાત પ્રમાણે ઓછો વપરાશ)ને પ્રોત્સાહન મળી શકે ?**

➠ આ પ્રકરણમાં ચર્ચવામાં આવેલ સમસ્યાને આધારે આપણે આપણા જીવનધોરણમાં પાંચ 'R' (Refuse, Reduce, Reuse, Repurpose, Recycle) અપનાવવા જોઈએ. આ ઉપરાંત જળસ્રોત, જંગલ અને વન્ય જીવન તેમજ અશ્મિભૂત ઈંધણનું સંરક્ષણ કરવું જોઈએ.

- નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો.

**4. તમારા ઘરને પર્યાવરણમિત્ર (અનુકૂલિત) બનાવવા માટે તમે કયાં કયાં પરિવર્તનોનું સૂચન કરો છો ?**

➠ ઘરને પર્યાવરણમિત્ર બનાવવા કેટલાંક પરિવર્તનો અપનાવી શકીએ. જે નીચે મુજબ છે :

(i) ઘરની આસપાસ આપણે છાંયો આપતાં વૃક્ષો તેમજ ફળના ઝાડ અને શાકભાજી રોપવા જોઈએ.

(ii) રોજિંદા કામમાં આપણે પાણી અને વીજળીનો વપરાશ કાર્યક્ષમ રીતે કરવો જોઈએ.

(iii) અનાજ અને ખોરાકનો યોગ્ય સંગ્રહ કરવો જોઈએ જેથી તે બગડતા અટકે.

(iv) ગંદા પાણીના નિકાલ માટે ડ્રેનેજ સિસ્ટમની વ્યવસ્થા કરવી જોઈએ.

(v) વધારાના પાણીનો યોગ્ય નિકાલ કરવો જોઈએ.

(vi) કચરાપેટી અને અન્ય નકામો કચરો વ્યવસ્થિત રીતે ઢાંકવો જોઈએ.

(vii) યોગ્ય સ્વચ્છતા પદ્ધતિ અપનાવવી જોઈએ.

(viii) વીજળી માટે શક્ય હોય તો છત પર સોલર પૅનલ ગોઠવવી જોઈએ.

**5. નીચે આપેલ બાબતો સંબંધિત પાંચ કાર્યો લખો કે જે તમે છેલ્લા સપ્તાહમાં કર્યા હોય.**

**(a) આપણા પ્રાકૃતિક સ્રોતોનું સંરક્ષણ**

**(b) આપણા પ્રાકૃતિક સ્રોતો પર દબાણનો વધારો.**

➠ **(a) આપણા પ્રાકૃતિક સ્રોતોનું સંરક્ષણ :**

- સ્કૂલે જવા માટે સાઈકલનો ઉપયોગ કરેલ.
- જરૂર ન હોય ત્યારે લાઈટ પંખા બંધ રાખેલ.
- જૈવવિઘટનીય કચરાનું કૉમ્પોસ્ટ બનાવેલ.
- ખુલ્લી જગ્યામાં વૃક્ષનું વાવેતર કરેલ.
- સોલર કૂકરનો ઉપયોગ કરેલ.

**(b) આપણા પ્રાકૃતિક સ્રોતો પર દબાણનો વધારો :**

➠ એ.સી.નો ઉપયોગ કરેલ

➠ લિફ્ટનો ઉપયોગ કરેલ.

➠ નહાવા માટે વૉટર ટબનો ઉપયોગ કરેલ.

➠ જૈવ અવિઘટનીય કચરાને બાળીને નાશ કરેલ.

➠ ખોરાકનો બગાડ કરેલ

- નીચે આપેલા પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો.

**6. વ્યક્તિગત તરીકે તમે વિવિધ પ્રાકૃતિક ઉત્પાદનોના વપરાશને ઘટાડવા માટે શું કરી શકો છો ?**

➠ કુદરતી સંસાધનોનું સંચાલન અને સંરક્ષણ એટલે તેનો વૈજ્ઞાનિક ઢબે ઉપયોગ કરવો. આ પદ્ધતિ વર્તમાન પેઢીને ઉપલબ્ધ સંસાધનોનો લાભ આપે છે. ઉપરાંત ભવિષ્યની જરૂરિયાતોને પહોંચી વળવાની સંભાવનાઓ જાળવી રાખે છે.

➠ આ માટે આપણે પાંચ 'R' યાદ રાખવાની જરૂર છે કે જે પર્યાવરણને બચાવી શકે છે. Refuse (ના પાડવું), Reduce (ઓછો ઉપયોગ કરવો), Reuse (પુનઃ ઉપયોગ કરવો), Repurpose (હેતુફેર કરવો), Recycle (પુનઃચક્રીયકરણ).

(1) **Refuse (ના પાડવું) :** Refuseનો અર્થ એ છે કે, તમારે જરૂર ના હોય તેવી વસ્તુ લોકો તમને આપે તો તમે ના પાડો. તમને તથા પર્યાવરણને હાનિકારક હોય તેવાં ઉત્પાદનો ખરીદવાની ના પાડો. એક જ વાર વાપરી શકાય તેવી પ્લાસ્ટિકની થેલી માટે પણ ના પાડો.

(2) **Reduce (ઓછો ઉપયોગ કરવો) :** આનો અર્થ એ કે આપણે વસ્તુઓનો ઓછામાં ઓછો ઉપયોગ કરવો જોઈએ. જરૂર ન હોય ત્યારે પંખા તેમજ બલ્બની સ્વિચો બંધ કરી વીજળી બચાવી શકાય. ટપકતાં નળને રિપેરિંગ કરી પાણી બચાવી શકાય. આ રીતે ખોરાકનો વ્યય પણ ઘટાડી શકાય.

(3) **Reuse (પુનઃ ઉપયોગિતા) :** પુનઃઉપયોગની રીતમાં એકની એક વસ્તુનો વારંવાર ઉપયોગ કરવામાં આવે છે. દા.ત., જામ અને અથાણાંના કાચના પાત્રોનો ઉપયોગ રસોડાની અન્ય સામગ્રી ભરવા માટે કરી શકાય. આ પદ્ધતિમાં ઊર્જાનો વ્યય થતો નથી. તેથી પુનઃચક્રીયકરણ કરતાં આ વધુ સારો રસ્તો છે કારણ કે પુનઃચક્રીયકરણમાં કેટલીક ઊર્જાનો વ્યય થાય છે.

(4) **Repurpose (હેતુ ફેર કરવો) :** આનો અર્થ એ થયો કે, જો મૂળભૂત હેતુ માટે કોઈ ઉત્પાદનનો ઉપયોગ ન થઈ શકે તેમ હોય ત્યારે ધ્યાનથી વિચારીને તેનો બીજા કોઈ હેતુ માટે ઉપયોગ કરવો. ઉદાહરણ તરીકે હૅન્ડલ તૂટી ગયા હોય તેવી કાચની બરણી કે કપનો ઉપયોગ નાના છોડને ઉગાડવા કે પક્ષીઓને ચણ નાખવા કરી શકાય છે.

(5) **Recycle (પુનઃચક્રીયકરણ) :** તેનો અર્થ એ કે તમારે પ્લાસ્ટિક, કાગળ, કાચ, ધાતુ જેવી વસ્તુઓનું નવું ઉત્પાદન કરવાને બદલે તેનું પુનઃ ચક્રીયકરણ કરીને જરૂરી વસ્તુઓ બનાવવી જોઈએ. પુનઃચક્રીયકરણ કરી શકાય તેવા કચરાને અન્ય કચરાથી અલગ એકઠો કરવો જોઈએ.

- નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ સવિસ્તર ઉત્તર લખો.

**7. વ્યક્તિગત સ્વરૂપમાં તમે નીચે આપેલ પૈકી કોના વ્યવસ્થાપનમાં યોગદાન આપી શકો છો ?**

**(a) જંગલ તેમજ વન્ય પ્રાણી**

**(b) જળસ્રોત**

**(c) કોલસો તેમજ પેટ્રોલિયમ**

➠ જણાવેલ તમામ વ્યવસ્થાપનમાં નીચે જણાવ્યા મુજબ યોગદાન આપી શકાય :

**(a) જંગલ તેમજ વન્ય પ્રાણી**

(i) જંગલોમાં અજૈવ વિઘટનીય કચરો ન ફેંકવો.

(ii) જંગલોમાં પાલતુ જાનવરોને વધુ પડતા ન ચરાવવા.

(iii) વન્ય જીવોનો શિકાર ન કરવો.

(iv) વન્ય જીવોને સાથે લાવેલ ખોરાક ન ખવડાવવો.

(v) વન્ય જીવોને ખલેલ ન પહોંચાડવી.

(vi) વૃક્ષારોપણ કરવું.

(vii) જંગલ અને વન્ય પ્રાણીઓની ઉપયોગિતા અંગે લોકોમાં જાગૃતિ લાવવી.

(viii) સ્મશાન ગૃહમાં લાકડાંને બદલે CNGનો ઉપયોગ કરવો.

**(b) જળસ્રોત :**

(i) વિવિધ જળસંરક્ષણના ઉપાયો અજમાવી ખેતરનું પાણી ખેતરમાં અને ગામનું પાણી ગામમાં રહે તેવા પ્રયત્નો કરવા.

➠ દા.ત., ભૂમિગત ટાંકાઓ બનાવી છત (ધાબા)ના પાણીનો સંગ્રહ કરવો. ચેકડેમ બનાવવા, બોરીબંધ બનાવવા, પડતર જમીનમાં વૃક્ષારોપણ કરવું, કૂવા રિચાર્જ કરવા વગેરે.

(ii) દૈનિક ક્રિયામાં પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવો.

(iii) ટપકતાં નળ રિપૅર કરવાં.

(iv) જળસ્રોતની અગત્યતા અંગે લોકોમાં જાગૃતિ લાવવી.

**(c) કોલસો તેમજ પેટ્રોલિયમ :**

(i) વાહનોનો ઉપયોગ ઘટાડવો.

(ii) વાહનોમાં CNG જેવા વૈકલ્પિક બળતણનો ઉપયોગ કરવો.

(iii) ઈંધણ કાર્યક્ષમ વાહનોનો જ ઉપયોગ કરવો.

(iv) યોગ્ય ડ્રાઈવિંગ પદ્ધતિ અપનાવવી.

(v) કોલસાનો સીધો ઉપયોગ ટાળવો.

(vi) સોલર ઊર્જાનો ઉપયોગ કરવો.